# <u>સુરતના મહે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરત.</u>

**ફોજદારી કેસ નં. ૪૬૨૩૬/૨૦૨૨**

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપીઓઃ–** (૧) વિક્રમભાઈ રાજુભાઈ રાજકોટીયા
(૨) ચંદુભાઈ રાજુભાઈ રાજકોટીયા
(૩) અતુલભાઈ ભનુભાઈ સોલંકી
(૪) રાજુભાઈ વિનુભાઈ સોંલકી

તમામ રહે.– સુરત.

## <u>ચુ કા દો</u>

**(૧)** સદર કામે આરોપીઓને સમન્સ કરવામાં આવતા આજરોજ આરોપીઓ રૂબરૂમાં અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. આ કામના આરોપીઓ વિરૂધ્ધ કાપોદ્રા પોલીસ સ્ટેશને ગુના રજી નં.બી–૧૧૨૧૦૦૨૨૨૨૧૦૪૫/૨૦૨૨, જુગારધારાની કલમ ૪ અને ૫ મુજબનો ગુનો નોંધાયેલ હોય જેની તપાસના અંતે ત.ક.અ. ધ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ઉપરોક્ત નંબરથી કેસ રજીસ્ટર્ડ થયેલ છે.

**(૨)** આ કામે આરોપીઓએ અદાલત સમક્ષ હાજર થઈ આંક – ૦૩ થી ગુના કબુલાત પુરસીસ આપેલ છે તેમજ આંક– ૦૪ થી ૦૭ મુજબ આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીઓએ હાલનો ગુનો કબુલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેમજ તેમના માથે તેમના કુટુંબની જવાબદારીઓ છે તેમજ આ તેમનો પ્રથમ ગુનો છે અને તે માટે તેમને ભારોભાર પસ્તાવો છે તેમજ તેઓ ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો કરશે નહીં જેથી તેમની ભુલ માફ કરી તેમને હળવામાં હળવી સજા કરી સદર ગુનામાંથી મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

**(૩)** આ કામે આરોપીઓની ગુના કબુલાત પુરસીસ, પ્લી તથા આરોપીઓની મૌખિક રજુઆત

ધ્યાને લઈ હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ–૪ અને ૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અન્વયેનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આરોપીઓને પુછતા તેઓ રાજીખુશીથી અને સ્વેચ્છાએ તેમજ કોઈ પણ જાતના દાબદબાણ વગર હાલનો ગુનો કબુલ કરે છે તેમ જણાવે છે. આ કામે રેકર્ડ ધ્યાને લેતા આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ–૪ અને ૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અન્વયેનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે જે પૈકી જુગારધારાની કલમ–૪ અન્વયે દોષિત ઠર્યેથી ૨ વર્ષ સુધીની સજાની જોગવાઈ તેમજ પ્રથમ ગુનામાં ઓછામાં ઓછી ૩ માસની સજાની જોગવાઈ અને રૂ.૫૦૦/– થી ઓછો નહીં તેટલો દંડ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે, જ્યારે કલમ–૫ અન્વયે દોષિત ઠર્યેથી ૯ મહિના સુધીની સજાની જોગવાઈ તેમજ પ્રથમ ગુનામાં ૨ માસથી ઓછી નહી તેવી સજાની જોગવાઈ અને રૂ.૩૦૦/–થી ઓછો નહીં તેટલા દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. રેકર્ડ ઉપરની રજુ હકીકત ધ્યાને લેતા હાલના ગુનાના કામે ઈન્સાફી કાર્યવાહી ચાલવામાં ઘણો સમય લાગે તેમ છે તેવું અત્રેની અદાલતને જણાય આવે છે. તેમજ આ કામના આરોપીઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરવા માંગતા હોય, અત્રેની અદાલતે નામ. ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ ક્રિમી.લો જર્નલ ૨૯૫૭ – સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લીધેલ છે. સદર ચુકાદામાં નામ. ગુજરાત વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે,

86. In short, in our conclusion on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the requirements and on proof of existence of special and adequate reason for first offence, the court is empowered and entitled to award less than minimum sentence on finding accused guilty either by evidence or by raising "plea of guilty" and judicial directions and prescription of special format contrary to the statutory provisions as observed by us, hereinabove, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three decisions relied on by the State are not affimed and approved by us to the extent as stated above for the eloberate reasons and factual matrix and legal profile given hereinabove and upon true and correct interpretation and legislative intendments, forensic and jurisprudential

exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and provisio to Sections 66 and 85, so far as first

(૪) આમ, સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીઓનો આ પ્રથમવારનો ગુનો હોય અને કેસના સંજોગો જોતા મીનીમમ સજાની જોગવાઈ હોય તેનાથી ઓછી સજા કરી શકાય તેમ ઠરાવેલ છે. આમ, સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ હાલના કેસમાં આરોપીઓએ આ તેમનો પ્રથમવારનો ગુનો હોવાનું જણાવેલ હોય તેમજ રેકર્ડ ઉપરની રજુ હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીઓએ અગાઉ આ પ્રકારનો ગુનો આચરેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી ન હોય જેથી આ કામના આરોપીઓનો આ પ્રથમવારનો ગુનો હોવાનું માની સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ તેમજ આરોપીઓની ઉંમર તેમજ તેમની પરીસ્થિતિ લક્ષ્યમાં લઈ આરોપીઓને મીનીમમ સજાથી પણ ઓછી સજા કરવી ઉચિત જણાતુ હોય જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

(૧) આ કામના આરોપીઓ ને ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૨૫૨ હેઠળ જુગારધારાની કલમ–૪ અને ૫ અન્વયે તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ પ્રત્યેક આરોપીને રૂ.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ પાસેથી કુલ્લે રૂ.૬૦૦૦/– (અંકે રૂપિયા છ હજાર) પુરા દંડ તરીકે વસુલ લેવા.

(૩) આ કામે આરોપીઓએ આંક–૦૮ થી નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. આ કામે વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો કબજે કરવામાં આવેલ રોકડ રકમને અપીલ સમય વિત્યા બાદ સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ રોકડ રકમ સિવાય અન્ય વેલ્યુએબલ મુદ્દામાલ હોય તો અપીલ સમય વિત્યા બાદ તેની હરાજી કરી તેમાંથી ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબજે

કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ લગત પોલીસ સ્ટેશન તેમજ નાઝરશ્રીને યાદી કરવી.

હુકમ આજ તા.૧૩મી માહે ઓગષ્ટ સને ૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય–લોકઅદાલત સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩ –૦૮–૨૦૨૨.
સુરત.

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
૦૯માં અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક., સુરત
(GJ01609)